... રસીના ડોઝ લીધા અને ન લીધા તો પણ મોત..!!

સાબરકાંઠામાં જીવલેણ બનતો કોરોના, બેના મોતથી હાહાકાર : હિંમતનગર અને ગઢોડામાં વૃદ્ધોના મોત નિપજ્યા : એક જ દિવસમાં વધુ નવા ૫૧ પોઝિટિવ કેસ

બાયડ, તા. ૧૯

સાબરકાંઠામાં કોરોનાની ત્રીજી લહેર જીવલેણ સાબિત થઈ રહી છે. મંગળવારે કોરોના સંક્રમિત હિંમતનગર તાલુકાના ગઢોડાના ૭૪ વર્ષિય વૃદ્ધ અને હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ કર્મચારી હાઉસીંગ સોસાયટીમાં રહેતા ૭૩ વર્ષિય વૃદ્ધનું મોત નિપજ્યાનું બહાર આવ્યું છે. એક જ દિવસમાં વધુ નવા ૫૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. મૃતકો પૈકી ૧ દર્દીએ કોરોના રસીના બંને ડોઝ લીધા હતા. જ્યારે અન્ય દર્દીએ કોરોના રસીનો એક પણ ડોઝ લીધો ન હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવવા માટે અનેક પ્રતિબંધો લાદવા છતાં જાણે કે સંક્રમણ થંભવાનું નામ ન લેતું હોય તેવી સ્થિતિ છે. સાબરકાંઠા જિલ્લામાં ટેસ્ટીંગ વધ્યા પછી કોરોના પોઝિટિવ દર્દીઓમાં ઉછાળો આવ્યો હતો. રીકવરી રેટથી આરોગ્ય વિભાગની ટીમમાં નવા ઉત્સાહનો સંચાર થઈ રહ્યો હતો ત્યારે મંગળવારે જિલ્લામાં કોરોનાગ્રસ્ત ૨ દર્દીઓના હોસ્પિટલમાં મોત નિપજતાં હિંમતનગર શહેર અને તાલુકાના ગઢોડામાં હાહાકાર મચ્યો છે. જ્યારે અન્ય તમામ દર્દીઓ અત્યારે સ્ટેબલ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

જ્યારે જિલ્લામાં વધતા કોરોના સંક્રમણને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટર દ્વારા માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવા સાથે અનેક વિસ્તારોમાં ૪ થી વધુ લોકોને ભેગા થવા ઉપર પ્રતિબંધ છતાં નિયમોનું ઉબાળીયું થઈ રહ્યું છે. એક રીતે બેદરકાર પ્રજા કોરોનાને નિમંત્રણ આપતી હોય તેવા દ્રશ્યો સાબરકાંઠા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. ગત રોજથી જિલ્લામાં લગ્નસરાની સીઝન પૂરબહાર ખીલી છે ત્યારે પ્રજા સાવધાની નહીં રાખે તો આગામી સપ્તાહમાં જ કોરીનાનો મોટો વિસ્ફોટ થાય તેવી આશંકા આરોગ્ય વિભાગે વ્યક્ત કરી છે.

એક જ દિવસમાં ૫૧ નવા પોઝિટિવ કેસ...

તાલુકો	કેસ
હિંમતનગર	૩૫
પ્રાંતિજ	૦૫
ઈડર	૦૫
તલોદ	૦૩
ખેડબ્રહ્મા	૦૨
વિજયનગર	૦૧

કોરોનાથી બે દર્દીનાં મોત : ઈ.એમ.ઓ.

સાબરકાંઠા ઈ.એમ.ઓ., ડી.મુકેશ કાપડીયાએ જણાવ્યું કે મંગળવારે કોરોનાના કારણે હિંમતનગરના ગઢોડા અને હિંમતનગરની કર્મચારી હાઉસીંગ સોસાયટીમાં રહેતા ૧-૧ વૃદ્ધના મોત નિપજ્યાં છે. આ બંને કોરોનાં પોઝિટિવ ઉપરાંત ડાયાબીટીશ તેમજ બ્લડપ્રેશરથી પીડીત હતાં. ગઢડાના દર્દીનું અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં અને હિંમતનગરના દર્દીનું સરકારી મેડીકલ કોલેજ-હિંમતનગરમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે.

સલાબતપુરા પોલીસ સ્ટેશનની જેમ તમામ સ્ટાફની બદલી જરૂરી

બાયડ પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફની બદલી ક્યારે..?? : ફરિયાદ માટે આવતા અરજદારો સાથે ઉદ્ધત વર્તન, અનેક ફરિયાદો દબાવ્યાના આરોપ

બાયડ, તા. ૧૯

અરવલ્લીના બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ માટે આવતા અરજદારો સાથે ઉક્ત વર્તન અને કેટલાક કિસ્સાઓમાં ધરપકડ કરતા અગાઉ આરોપીઓને જાણ કરી દેવામાં આવતી હોવાની ગંભીર ફરિયાદ રાજ્ય સરકાર સુધી પહોંચી છે. ત્યારે ગત રોજ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનના થાણા અધિકારી સહિત તમામ સ્ટાફની બદલી કરાઈ તે રીતે બાયડમાં પણ પી.એસ.આઈ. સહિત ૬૪ના સ્ટાફની બદલી કરીને મોટાપાયે સાફસૂફી થાય તો બાયડમાં વકરેલી દારૂ-જુગારની બદી સહિત અનેક દૂષણો ઉપર અંકુશ આવી શકે છે.

જિલ્લામાં એકના એક પોલીસ સ્ટેશનોમાં વર્ષોથી ચીટકી રહેલો સ્ટાફ પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવે છે કે પછી કોઈ કંપનીના ડેલીગેટ, છે..?? તે શોધવું મુશ્કેલ પડે છે. કેટલાક સ્ટાફને તો ખાખી વર્દી પહેરતાં શરમ આવતી હોય તેવી સ્થિતિ છે. બાયડ પોલીસ સ્ટેશનમાં અનેક અરજદારો સાથે ઉદ્ધત તેમજ નિમ્ન કક્ષાની ગાળોનો પ્રયોગ કરી ડરાવતા-ધમકાવતા હોવાના આરોપ લાગેલા છે. જ્યારે ડી-સ્ટાફ સહિતનો મોટો સ્ટાફ કોનો વહીવટ કરે છે..?? તે પ્રજાને સમજાતું નથી. જ્યારે બાયડ પોલીસ સ્ટેશન આસપાસ જ દારૂની બદી ફૂલીફાલી હોય ત્યાં તાબાના વિસ્તારોમાં કેવી રીતે અંકુશ આવશે, કેટલીક ગંભીર ફરિયાદો તપાસના બહાને માત્ર અરજીમાં સમેટી લેવામાં આવે છે. જ્યારે કેટલોક સ્ટાફ અનેક આરોપીઓ સાથે ભળીને સાચા ફરિયાદીને હેરાન કરતા હોવાની પણ વિગતો રાજ્યના ગૃહમંત્રી સમક્ષ પહોંચ્યાની જાણકારી મળી છે.

બાયડ પોલીસ ક્રાઈમ રેટ નીચો રાખવા મોટાભાગની ફરિયાદો નોંધતી નથી તેવા પણ આરોપ લાગેલા છે. ત્યારે રાજ્યના ગૃહમંત્રીએ ગતરોજ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓ સહિત તમામ સ્ટાફની બદલી કરી તે જ રીતે બાયડ પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફની બદલી કરવામાં આવે તો જ સાચા અરજદારોને ન્યાય મળશે. અન્યથા દૂર દૂર સુધી તેમને ન્યાય મળે તેવી કોઈ સંભાવના દેખાતી નથી.

બાયડ પોલીસ સ્ટેશનમાં નંબર વગરની લક્ઝરીયર્સ કાર ચર્ચામાં

પોલીસ દ્વારા નંબર વગર દોડતી કારની ચકાસણી કરવાની હોય છે પરંતુ બાયડ પોલીસ સ્ટેશનમાં જ નંબર વગરની લક્ઝરીયર્સ કાર અવારનવાર જોવા મળે છે. તાજેતરમાં જ એક રાજકીય પક્ષના અગ્રણીએ પોલીસ કર્મચારીઓના ભ્રષ્ટાચાર સામે સ્ફોટક નિવેદન આપ્યું છે ત્યારે બાયડ પોલીસ સ્ટેશનમાં પણ સિમિત પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ લક્ઝરીયર્સ કાર લઈને જોવા મળતાં નવી લોકચર્ચાઓને વેગ મળ્યો છે.

તમાકુ નિયંત્રણ કાયદાનો અમલ કરાવવામાં તંત્ર નિરસ

શાળા-હાઈસ્કુલ નજીક તમાકુ બનાવટનું થતું વેચાણ

બાયડ તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તમાકુ નિયંત્રણ કાયદો માત્ર કાગળ ઉપર અમલી બની રહ્યો છે. જિલ્લામાં હદ તો એ છે કે સરકારી કર્મચારીઓ કાયદાની પરવા કર્યા વગર જ કચેરીઓમાં ધુમ્રપાન તથા તમાકુનું સેવન કરતા હોવા છતાં તેમની સામે કોઈ પગલાં આજદિન સુધી ભરાયાં નથી અત્યાર સુધી જાહેર સ્થળોએ ધુમ્રપાન કરતા આમ લોકોને જ કહેવા પૂરતો દંડ ફટકારી તંત્રએ કાયદાની અમલવારીનો સંતોષ માની લીધો હોય તેવું જોવા મળી રહ્યું છે.

જાહેર સ્થળો ઉપર ધુમ્રપાન કે તમાકુનું સેવન કરવા ઉપર સરકારે પ્રતિબંધ મૂકી તમાકુ નિયંત્રણ અધિનિયમ દંડાત્મક કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સબંધિત અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા તેની કોઈ જ કાર્યવાહી થતી ન હોવાથી તમાકુ નિયંત્રણ કાયદો કાગળ ઉપર જ સિમિત બની રહ્યો છે. જિલ્લામાં અદાલત, હોસ્પિટલો, બસ સ્ટેશનો તથા સરકારી કચેરીઓની આસપાસ ખુલ્લેઆમ લોકો તમાકુનું સેવન અને ધુમ્રપાન કરતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં સરકારી કચેરીઓમાં જ તમાકુ નિયંત્રણ કાયદાનું ગળું દબાવી તમાકુનું વ્યસન કરતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં શાળા-કોલેજો આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં તમાકુની બનાવટો વેચવા ઉપર પ્રતિબંધ હોવા છતાં ક્યાંય તેનું પાલન થતું ન હોવાથી શાળાએ જતા બાળકોમાં તમાકુનું વ્યસન વધી રહ્યું છે. જિલ્લામાં તમાકુ નિયંત્રણ કાયદો અમલી બન્યો ત્યારે શરૂ શરૂમાં સબંધિત તંત્રએ કાયદાની અમલવારીનો દંડો વિંજ્યો હતો પરંતુ ત્યાર પછી બધું જ વિસારે પડી ગયું હોય તેમ હોટલ, રેસ્ટોરન્ટો, સિનેમાગૃહોમાં ધુમ્રપાન તથા તમાકુનું સેવન કરનારાઓની વિશેષ હાજરી નજરે પડી રહી છે. જિલ્લામાં જાહેરમાં ધુમ્રપાન અથવા તમાકુનું સેવન કરનારા બંધાણીઓ સામે જવાબદાર અધિકારીઓ તમાકુ નિયંત્રણ અધિનિયમ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં પોતે જ નિરસ હોવાનું જણાઈ રહ્યું છે.

...તપાસ કરતાં બોગસ દસ્તાવેજનો ભાંડો ફૂટ્યો

ઘનસુરાના કેશરપુરાના ખેડૂતના ખેતરમાં અન્યના નામે ડીપ ઈરીગેશન મંજૂર : પોલીસને લેખિત ફરિયાદ પછી પણ તપાસની ફૂરસદ નથી

બાયડ, તા. ૧૯

ધનસુરા તાલુકાના કેશરપુરા(અંબાસર) ગામના સોલંકી પરિવારના ખેતરમાં બોગસ દસ્તાવેજના આધારે ભરવાડ પરિવારોએ ખેતીની જમીનમાં ડ્રીપ ઈરીગેશન મંજૂર કરાવી લીધાનું બહાર આવતાં મામલો ધનસુરા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જ્યારે પોલીસે નિવેદન નોંધ્યા પછી તપાસ કરવાની ફૂરસદ નહોવાનું જાણવા મળ્યું છે. તપાસ કરવામાં આવે તો બોગસ દસ્તાવેજોનો ભાંડો ફૂટી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ધનસુરા તાલુકાના કેશરપુરા(અંબાસર)ના ખેડૂત દિનેશસિંહ કોદરસિંહ સોલંકીએ ધનસુરા પોલીસ સ્ટેશને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની કેશરપુરા ગામની સીમમાં સર્વે નં.૧૭, ૧૬૯ તથા ૨૭૫ માં ખેતીની સહીયારી જમીન આવેલી છે જે જમીનમાં ખેડૂત ખાતેદાર તરીકે જમીનના ૭/૧૨ અને ૮-અ ના ઉતારામાં તેમનો તથા કુટુંબી ભાઈઓના નામ ચાલે છે. જે પૈકી સાડા ત્રણ વિઘા જમીન તેમના ભાગે આવેલી છે. ગત વર્ષે જમીનમાં સિંચાઈના હેતુ માટે સૂક્ષ્મ પિયત પદ્ધતિ વિકસાવવાની હોવાથી કુટુંબીઓને વાત કરેલ અને તેઓએ સંમત થઈ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ લગાવવાનું નક્કી કર્યું. જેથી જમીનના મજીયારા ભાગીદારો તલોદમાં આવેલ મંગલમ્ ઈરીગેશનમાં પહોચ્યા હતા અને ત્યાં જરૂરી ઉતારા માગતાં ઉતારા આપ્યા પછી ચેક કરતાં જાણવા મળ્યું કે આ જમીનમાં જીજીસીઆર દ્વારા સૂક્ષ્મ પિયત પદ્ધતિ વિકસાવવામાં આવ્યાનું બોલે છે. અને હવે તેમને આગામી ૭ વર્ષ સુધી તે પદ્ધતિનો લાભ મળી શકે નહીં જેથી ખેડૂત પરિવારો ચોંક્યા હતા. આ અંગે ઉંડાણથી તપાસ કરતાં વર્ષ-૨૦૨૦માં તેમની જમીનમાં ખાતેદાર તરીકે નામ ધરાવતા ધૂળસિંહ રમતસિંહ સોલંકીના નામે વેદ ઈરીગેશન ઓફીસ-ધનસુરાથી જમીન સર્વે નં ૭૬, ૧૬૯ તથા ૨૭૫ માં સૂક્ષ્મ પિયત પદ્ધતિ ખરીદવામાં આવેલ તેવું જણાઈ આવ્યું હતું પરંતુ તેમની જમીનમાં આજદિન સુધી કોઈ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ નાખવામાં આવેલ ન હોવાથી મામલો ધનસુરા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ઉંડાણથી તપાસ કરતાં જાણવા મળ્યું કે કેશરપુરાકંપા ગામના હીરાભાઈ ચકુભાઈ ભરવાડે સહીઓ કરાવી ધૂળસિંહ પાસેથી ફોટો પણ લીધો હતો અને અંગૂઠાનું નિશાન કરાવી લીધું હતું. પરંતુ આ અંગે ખેડૂતને કોઈ જાણકારી આપી ન હતી ત્યારબાદ ખેડૂતો વેદ ઈરીગેશન-ધનસુરા ખાતે પહોંચ્યા હતા અને સૂક્ષ્મ પિયત પદ્ધતિના નકલોની ચકાસણી કરતાં હીરાભાઈ ભરવાડે ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર પાવર ઓફ એટર્ની, નોટરીનું લખાણ કરાવી સોગંદનામાના આધારે સૂક્ષ્મ પિયત પદ્ધતિ મેળવ્યાનું જણાઈ આવ્યું છે. જ્યારે સંમતિપત્રમાં તમામ ખેડૂત ખાતેદારોની ખોટી સહી સહિત બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ થયાનો આરોપ લગાવી પોલીસ મથકમાં ફરિયાદ આપ્યાના અઢી મહિના પછી પણ માત્ર નિવેદન નોંધ્યા સિવાય પોલીસે કોઈ કાર્યવાહી ન કરતાં ખેડૂત પરિવારો જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરશે તેમ જાણવા મળ્યું છે.

પ્રજ્ઞાચક્ષુ મહિલા ખાતેદારનો અંગૂઠો કોને કર્યો??

ચોંકાવનારી વિગત એ છે કે જે સોગંદનામું કરાવ્યું છે તેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ખાતેદારનો અંગૂઠો કરાવવામાં આવ્યો છે. મહિલા જોઈ શકતા નથી તો પછી અંગૂઠા મારફતે તેમની સહી કોને કરી..?? અને તેમની પાસે સહી કરાવી હોય તો તેમને આ અંગે અગાઉથી જાણકારી આપવામાં આવી હતી કે કેમ..?? તેની પણ તપાસ થવી જોઈએ.

બાળકોને ઓનલાઈન શિક્ષણ આપ્યું છતાં ચૂકવણામાં તંત્ર નિરસ

અરવલ્લીના સ્વનિર્ભર શાળા સંચાલકોને આર.ટી.ઈ. એક્ટ હેઠળ મળવાપાત્ર રકમ ચૂકવવામાં ઠાગાઠૈયા : છેલ્લા ૧ વર્ષથી૨૫ ટકા બાકી રકમ ચૂકવાતી નથી

બાયડ, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના સ્વનિર્ભર શાળા સંચાલકોને આર.ટી.ઈ. એક્ટ હેઠળ મળવાપાત્ર રકમ પૈકી ૨૫ ટકા રકમ ૧ વર્ષ પસાર થયું છતાં ન મળતાં પ્રા.શિક્ષણ સમિતિની કામગીરી સામે રોષ પ્રવર્તિ રહ્યો છે. કપરી પરિસ્થિતિમાં ફી આવતી ન હોવા છતાં સ્વનિર્ભર શાળા સંચાલકોએ કર્મચારીઓના પગાર કર્યા અને બાળકોને ઓનલાઈન શિક્ષણ આપ્યું છતાં ચૂકવણામાં તંત્ર પાછી પાની કરતાં સંચાલકોમાં આશ્ચર્ય સર્જાયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારના બાળકોને મફત શિક્ષણ કાયદા અન્વયે નજીકની ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને ફી નિયમન કમીટીએ નક્કી કરેલી ફી દર વર્ષે સ્વનિર્ભર શાળા સંચાલકોને બાળકોની સંખ્યા દીઠ ગ્રાન્ટ ફી પ્રમાણે ચૂકવવામાં આવતી હોય છે. જિલ્લાની ૧૨૯ સ્વનિર્ભર શાળાના સંચાલકોની આર.ટી.ઈ. એક્ટ હેઠળ ૨૫ ટકા ગ્રાન્ટ છેલ્લા ૧૩ મહિનાથી ચૂકવવામાં આવતી નથી અને અત્યારે આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓને ચૂકવવા પાત્ર ગ્રાન્ટની વિગતો માગવામાં આવી છે. જ્યારે આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પૂછપરછ કરવામાં આવે તો ગ્રાન્ટના અભાવે ચૂકવણું થઈ શક્યું નથી તેવા જવાબ મળે છે. ઉત્તર ગુજરાતના એકમાત્ર અરવલ્લી જિલ્લામાં જ સ્વનિર્ભર શાળા સંચાલકોને ૨૫ ટકા આર.ટી.ઈ. એક્ટ હેઠળની ગ્રાન્ટથી વંચિત રાખવાનો પ્રયાસ થતાં સંચાલકોમાં રોષ વ્યાપ્યો છે. સ્વનિર્ભર શાળા સંચાલકે આ અંગે રાજ્યના મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને પત્ર લખીને સત્વરે ગ્રાન્ટ ફાળવવા રજૂઆત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

સાડા ચાર મહિના અગાઉ પકડેલી ટ્રક સામે મોડેથી કાર્યવાહીથી આશ્ચર્ય

અસાલ પાસે ગેરકાયદે કાર્બોસેલ ખનિજ વહન કરતાં ટ્રક ઝડપાઈ : ખાણખનિજ વિભાગે ૨.૭૬૦ મેટ્રીક ટન ખનિજ જપ્ત કર્યું

બાયડ, તા. ૧૯

અરવલ્લી ભુસ્તર વિભાગ દ્વારા સાડા ચાર મહિના અગાઉ કાર્બોસેલ ખનિજ ભરેલું વાહન ઝડપ્યા પછી તેની સામે તાજેતરમાં જ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં વગોવાયેલા તંત્ર સામે અનેક લોકો શંકાની નજરથી જોઈ રહ્યા છે. જ્યારે નોટિસ આપ્યા પછી હુકમ થયો અને તેના કારણે ફરિયાદમાં વિલંબ થયાનો વિભાગે લૂલો બચાવ કર્યો છે. બનાવની ભીતરમાં ઉંડાણપૂર્વક તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે.

જિલ્લા ખાણખનિજ વિભાગમાં ફરજ બજાવી ખનિજ ચોર અને ભ્રષ્ટ તંત્ર વચ્ચે વહીવટદાર બની ગયેલા ચોક્કસ કર્મચારીઓના કારણે ખનિજ ચોરો બેફામ બન્યા છે. જિલ્લામાં ખનિજ ચોરીનું દૂષણ વધવાની સાથે હવે હાઈવે માર્ગો ઉપર ગેરકાયદેસર રીતે વાહનોમાં ખનિજનું વહન થવા લાગ્યું છે. ગત વર્ષ તા.૧ સપ્ટેમ્બર-૨૦૨૧ના રોજ અરવલ્લી ભૂસ્તર વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ટીમ સાથે ગેરકાયદેસર રીતે દોડતાં વાહનોની વોચમાં ઉભા હતા જે દરમ્યાન પસાર થતી ટ્રક ઉપર શંકા જતાં ભૂસ્તર વિભાગની ટીમ દ્વારા તેને અટકાવી તલાશી લેવામાં આવી જેમાં ૪૨.૭૬૦ મેટ્રીક ટન કાર્બોસેલ ખનિજ ટ્રકમાં પાસની અવધી પૂરી થઈ હોવા છતાં લઈને નિળ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનિજ વહન અંગે શામળાજી પોલીસને ફરિયાદ આપવામાં આવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. ઉલ્લેખનિય છે કે રોયલ્ટી ઈન્સ્પેક્ટર છેલ્લા ઘણા સમયથી વિવાદમાં રહ્યા છે.

ગત વર્ષે વાહન પકડાયું, સાડા ચાર મહિના પછી ફરિયાદ...

વિદેશી દારૂ કે પછી ગેરકાયદે ખનિજ સાથે કોઈ વાહન ઝડપાય તો તેની સામે તાત્કાલિક પોલીસ ફરિયાદ કરવાની હોય છે પરંતુ અરવલ્લીનું ભૂસ્તર વિભાગ ભ્રષ્ટાચારમાં ગળાબૂડ હોવાના આરોપ લાગ્યો છે. ગત તા.૧-૯-૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગથી કાર્બોસેલ ખનિજ ભરીને નિકળેલા વાહનને શામળાજી નજીક ખનિજ વિભાગે આંતર્યું હતું અને ત્યારબાદ વાહન લાંબા સમય સુધી મૂકી રાખ્યું અને સાડા ચાર મહિના પછી નોંધાયેલી ફરિયાદે અનેકને વિચારતા કરી દીધા છે.

પહેલાં નોટિસ અને પછી હુકમની બજવણીથી વિલંબ...

રોયલ્ટી ઈન્સ્પેક્ટરએ જણાવ્યું કે વાહન પકડાયું તેના ત્રીજા દિવસે અમે ૪૫ દિવસની નોટિસ આપી હતી અને છતાં પણ વાહન માલિકે કોઈ પ્રત્યુત્તર ન આપતાં ૩૦ દિવસનો હકમ કરવામાં આવ્યો હતો અને તે પણ ન ગણકારતાં ફરિયાદ કર્યાનો લૂલો બચાવ કર્યો, ૭૫ દિવસ નોટિસમાં ગયા તો પછી ૯ દિવસનો સમયગાળો વધુ કેમ પસાર થયો..?? આ મુદે વિભાગના કમિશ્નર દ્વારા યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તો સમગ્ર રાજ્યને હચમચાવે તેવું ખનિજ ચોરીનું રેકેટ પ્રકાશમાં આવી શકે છે.

ઓછા વરસાદની પાછોતરી અસર : ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા શરૂ

આગોતરૂ આયોજન નહીં થાય તો ઉનાળામાં બેડા યુદ્ધની ભીતી

બાયડ તા.૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગયા વર્ષે ઓછા વરસેલા વરસાદની પાછોતરી અસર હવે સામે આવતી હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા અત્યારથી જ શરૂ થઈ છે. જિલ્લામાં શિયાળાએ હજુ વિદાય લીધી નથી ત્યાં પાણીનો પ્રશ્ન દિવસે દિવસે વિકટ બનતાં આગામી ઉનાળામાં શું થશે..?? તે પ્રશ્ન માત્રથી જ પ્રજા ફફડી ઉઠી છે. અગાઉ નદી, નાળાં તથા તળાવોમાંથી પાણી અદ્રશ્ય થયા પછી હવે ભૂગર્ભ જળ ઉંડે જતાં ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત વિતરણ થતા પાણીમાં પણ કાપ મૂકવાની પંચાયતોને ફરજ પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

જિલ્લામાં શિયાળો ધીરે ધીરે વિદાય તરફ આગળ વધી રહ્યો છે અને આગામી ઉનાળો શરૂ થાય તે અગાઉ જ પાણી પ્રશ્ને સંકટ ઉભું થવા લાગ્યું છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ વરસ્યો હતો અને તેની આડ અસરો હવે જોવા મળવા લાગી છે. જિલ્લામાં શિયાળાના પ્રારંભે જ નદી, નાળાં, તળાવો, ચેકડેમો તથા બોરીબંધોમાંથી પાણી ઓસરવા લાગ્યાં હતાં અને હાલ અસંખ્ય તળાવો કોરાં ધાકોર બની ગયાં છે જ્યારે જિલ્લાની જીવાદોરી ગણાતા મોટા ડેમોમાંથી પણ પાણીની સપાટી ધીરે ધીરે ઘટી રહી છે. જિલ્લામાં ભૂગર્ભ જળનાં સ્તર પણ એકાએક ઉંડે જતાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો પ્રશ્ન અત્યારથી જ સામે આવી ગયો છે. હજુ ઉનાળો બેઠો નથી ત્યાં ગ્રામ્ય વિસ્તારોમાં અઠવાડીયે એકવાર પીવાનું પાણી પ્રાપ્ત થઈ રહ્યું છે. જ્યારે હેન્ડ પંપો પણ પાણી ઉંડે જવાથી તબક્કાવાર રીતે નિષ્ફળ જઈ રહ્યા છે જેથી ગ્રામ પંચાયતોને પાણી વિતરણમાં કાપ મૂકવો પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જિલ્લામાં શિયાળાની વિદાય ટાણે ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે અને આગામી ઉનાળામાં જળસંકટ ઘેરાય તેમ હોવાથી તંત્ર દ્વારા પાણી અંગેનું આગોતરૂ આયોજન અત્યારથી જ નહીં ગોઠવાય તો આગામી ઉનાળામાં ગામે ગામ બેડા યુદ્ધ થશે તેવી ભીતી જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં ચાલુ વર્ષે વરસેલા ઓછા વરસાદની પાછોતરી અસર સૌ પ્રથમ પાણી ઉપર જોવા મળી છે અને ગામડાઓમાં પીવાના પાણીના એક બેડા માટે મહિલાઓ સીમ શેઢે ભટકતી હોવાના દ્રશ્યો શરૂ થઈ ગયા છે.

ઉંટરડા-પાલડી નજીક નદીના પટમાંથી રેતી ચોરીનું ધિક્કતું કૌભાંડ

બાયડ તાલુકામાં છેલ્લા એકાદ વર્ષથી ખનિજ ચોરોએ માજા મૂકી દીધી છે. જિલ્લા ખાણખનિજ વિભાગના આશીર્વાદ મેળવીને ખનિજ ચોરીનું સુવ્યવસ્થિત કૌભાંડ આચરાતું હોય તેવા ખુલ્લા આક્ષેપો થઈ રહ્યા છે. જ્યારે બાયડના માર્ગો ઉપર સાદી માટી અને કાંકરો લઈને ફરતા ટ્રેક્ટરો બાયડ પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી ઝડપી શકતી હોય તો છેલ્લા કેટલાય સમયથી ઉંટરડા-પાલડી નજીક નદીના પટમાંથી ખનિજ ચોરીની ગંભીર ફરિયાદો ઉઠવા છતાં અધિકારીઓ પાસે તપાસનો કેમ સમય નથી..?? અગાઉ પણ જૂનીવાસણી ગામના કેટલાક અરજદારોએ નદીમાંથી ગેરકાયદે ખનિજ ચોરી થતી હોવાની ગંભીર ફરિયાદ બાયડ પ્રાંત અધિકારીને કરી હોવા છતાં ખનિજ ચોરોને પકડવા માટે દેખીતી કોઈ કામગીરી થઈ હોય તેવું આજદિન સુધી જણાતું નથી અને ખનિજ ચોરી કરનારા કોઈપણ પ્રકારના ડર વિના દિવસ-રાત ટ્રેક્ટરો મારફતે ખનિજ ચોરી કરી સરકારને ચૂનો લગાડી રહ્યાના ગંભીર આક્ષેપો થવા લાગ્યા છે.